ધોરણ-૧૨ વિ.પ્રવાહમાં વૈભવી ગોરને પણ એ-વન ગ્રેડમાં સ્થાન મળ્યું

શિક્ષણ બોર્ડની ટેકનિકલ ભૂલના લીધે વિદ્યાર્થીનીનું પરિણામ અનામત રાખવામાં આવ્યું હતું

ગાંધીનગર તા ૨૮

શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનું ગઈકાલે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.જેમાં નગરની ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતી વૈભવીનું પરિણામ બોર્ડ દ્વારા અનામત રાખવામાં આવ્યું હતું. જો કે આજે તેણીના હાથમાં રીઝલ્ટ આવી જતા તેજસ્વીનીનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો હોવાનું પ્રકાશમાં આવ્યુ છે. વૈભવીએ સમાજસેવા કરવાના ઉમદા આશય સાથે ડોકટર બનવાની ખેવના વ્યકત કરી છે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનું ગઈકાલે પરિણામ જાહેર થતા ગત વર્ષની સાપેક્ષમાં પરિણામની ટકાવારી ઓછી હોવાનું માલુમ પડયુ હતું.જયારે એ વન ગ્રેડમાં પણ માત્ર ૯ વિદ્યાર્થીઓનો જ સમાવેશ થયો હોવાવુ સ્પષ્ટ થયું હતું. આ દરમિયાન ઈન્ફોસિટિ જુનિયર સાયન્સ કોલેજની વિદ્યાર્થીનું પરિણામ બોર્ડ કક્ષાએથી અનામત રાખવામાં આવતા તપાસના અંતે ટેકનિકલ ખામીના કારણે પરિણામ અનામત રાખવામાં આવ્યુ હોવાનુ જાણવા મળ્યુ હતુ. જયારે વૈભવીના હાથમાં પરિણામ આવતા ઈન્ફોસિટિ જુનિયર સાયન્સ કોલેજની આ તેજસ્વીનીએ ટોપર્સની યાદીમાં સ્થાન મેળવ્યુ હોવાનું પ્રકાશમાં આવ્યુ હતું.વૈભવીએ આગળ મેડિકલ ક્ષેત્રે અભ્યાક કરીને ડોકટર બની સમાજની સેવા કરવી છે.તેણે ૫૦૦ માંથી ૪૫૮ ગુણ પ્રાપ્ત કર્યા છે.સારુ પરિણામ મેળવવા માટે રિવિઝન વર્ક ઉપરાંત પોતાની તેમજ શાળાના શિક્ષકોની મહેનત મહત્વની પુરવાર થઈ હોવાનું પણ તેણે જણાવ્યું છે.વૈભવીના પિતા અતુલભાઈ સી એ જી માં સિનિયર ઓડીટર તરીકે ફરજ બજાવે છે. જયારે માતા રીટાબેન હાઉસ વાઈફ છે. વૈભવીને અભ્યાસ ઉપરાંત વાંચન તેમજ ડ્રોઈંગ અને ડાન્સિંગનો શોખ છે.

ખાટલાનું ભરણ - ગ્રામ્ય વિસ્તારોમાં ખાટલે બેસીને ગોઠડી કરવાની પરંપરા વર્ષોથી જોવા મળે છે... અને એમાં ય ઉનાળામાં ખાટલા ઢાળીને એયને ખુલ્લા આકાશ નીચે રાત્રિ નિંદ્રા માણવાની મજા જ કંઈક અલગ હોય છે... હવે તો શહેરી વિસ્તારમાં પણ ખાટલાનો ઉપયોગ થવા લાગ્યો છે... ખાટલાને ભરવાની પણ એક કલા છે... ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ ખાટલા ભરનાર કસબીઓ ખાટલા ભરવાની કામગીરી કરી રહ્યા છે... (તસવીર : કશ્યપ નિમાવત)

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દીપ પ્રગટાવીને ગ્રીષ્મોત્સવનો શુભારંભ કરાવશે

તા. ૩૦-૩૧ મે, દરમિયાન કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ૨૧મા વર્ષના શુભારંભે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ મંગલ દીપ પ્રગટાવીને ગ્રીષ્મોત્સવના પ્રારંભ કરાવશે. ગાંધીનગરના ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે તારીખ ૩૦ મે, ૨૦૧૫ ને શનિવારના રોજ સાંજે ૭ કલાકે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ હસ્તે મંગલ દીપ પ્રાગટ્યથી ગુજરાતના સુપ્રસિધ્ધ ગાયક કલાકાર શ્રી પાર્થિવ ગોહિલના લાઈવ પર્ફોર્મન્સ 'ઈમોશન્સ'ની શરૂઆત થશે.

સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન થકી આવનારી પેઢીમાં સંસ્કાર સિંચનની જવાબદારી નિભાવતા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રતિવર્ષ ઉનાળાના વૅકેશનમાં ગ્રીષ્મોત્સવનું આયોજન કરાય છે. તારીખ ૩૦ અને ૩૧ મે, ૨૦૧૫ દરમિયાન યોજાનારા ગ્રીષ્મોત્સવના બીજા દિવસે ભારતીય ફિલ્મ જગતના સુપ્રસિધ્ધ સંગીતકાર શ્રી શંકર મહાદેવન, અહેસાન કુરેશી અને લૉય મેન્ડોન્સાની લાઈવ કૉન્સર્ટ યોજાશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો માટે જ યોજાઈ રહેલો ગ્રીષ્મોત્સવ આ વર્ષે વિશેષ યાદગાર બની રહેશે.

ઈ-હરાજીમાં ભાગ લેનાર માટે કલેક્ટર કચેરી ખાતે ૩૦મીએ તાલીમ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીની જમીન ફળવણી શાખા દ્વારા ઈહરાજીમાં ભાગ લેનાર વ્યકિતઓને ઈહરાજી અંગેની તાલીમ આપવાનું નકકી કરવામાં આવ્યું છે.

ઈહરાજીની તાલીમ તા૩૦મી મે, ૨૦૧૫ના રોજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેકટર૧૭, ગાંધીનગર ખાતે અપાશે. આ દિને ઈહરાજીની તાલીમ બપોરના ૩.૦૦ થી ૩.૪૫ કલાકે અને ૪.૦૦ થી ૪.૪૫ કલાકે એમ બે તબક્કામાં આપવામાં આવશે. ઈહરાજીમાં ભાગ લેનાર સર્વ વ્યકિતઓને તાલીમમાં ઉપસ્થિત રહેવા જમીન ફાળવણી મામલતદાર દ્વારા જણાવાયું છે.

વિશ્વ યોગ દિવસની ઉજવણી સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન સમાન યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સમાવી સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૨૧ જૂનને 'વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનું જાહેર કરાયું છે. ગાંધીનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસની ઉજવણીના આયોજન સંદર્ભે આજરોજ જિલ્લા પ્રભારી સચિવ શ્રી એમ. એસ. ડાગુરની અધ્યક્ષતામાં જિલ્લાના અધિકારીઓની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકના પ્રારંભે જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે વિશ્વ યોગ દિન ઉજવણી જિલ્લા અને તાલુકા સંકલન સમિતીની કરાયેલી રચના તથા ઉજવણીના આયોજન અંગેની રૂપરેખા આપી હતી.

જિલ્લા પ્રભારી સચિવ શ્રી એમ. એસ. ડાગુરે તન મનના સ્વાસ્થ્ય માટે યોગ પ્રાણાયમને અનિવાર્ય ગણાવી જણાવ્યું હતું કે, આ માત્ર એક દિવસનો કાર્યક્રમ ન બની રહે. રોજેરોજના જીવનમાં થોડો સમય પોતાના સ્વસ્થ્ય માટે ફાળવવો જોઈએ. યોગથી જીવનમાં અનેક ફાયદા થાય છે, તે આપણે જાણીએ છીએ, ત્યારે આ પ્રવૃત્તિને વધુ ઉમળકાથી સમાજમાં પ્રસારિત કરવા સહભાગી બનીએ.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે. એમ. ભીમજીયાણી, મ્યુનિસિપલ કમિશનર શ્રી જી. આર. ચૌધરી, મહાનગરપાલિકાના મેયર શ્રીમતી હંસાબેન મોદી, ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન શ્રી રાકેશભાઈ પટેલ, અધિક નિવાસી કલેકટર શ્રી વી. જી. કાલરિયા તથા જિલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ધોરણ-૧૨ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગે માર્ગદર્શન વ્યવસ્થા

ગાંધીનગર, તા.૨૯

રાજયના શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજરોજ ભાસ્કરાચાર્ય ઈનસિટટયુટ ફોર સ્પેસ એપલિકેશન એન્ડ જિઓઈન્ફોર્મેટિકસ (બાયસેગ) ખાતે યોજાયેલ વાર્તાલાપમાં જણાવ્યું હતું કે, ધોરણ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને આગળના અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગે કોઈ જ મૂંઝવણ ન રહે તેવી વ્યવસ્થા શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી છે. તેઓશ્રીએ ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના હિત માટે રાજય સરકાર સતત ચિંતિત

છે. રાજય સરકારે અગાઉ જે.ઈ. ફરજિયાત હતું તે કાઢી નાખ્યું છે. બીજો મહત્વનો નિર્ણય એ કર્યો છે કે, પ્રવેશ પામતા વિદ્યાર્થીએ એક જ સેમેસ્ટરની ફી ભરવાની છે, તે પણ ઓનલાઈન ઘેરબેઠા. પહેલી વખત ઓરિજિનલ પ્રમાણપત્રો આપવાના નથી. વિદ્યાર્થીઓને કઈ રીતે લાભ થાય, ભાર વિના ભણે, પરીક્ષા આપે, પ્રવેશ મેળવે તે માટે વખતોવખત જરૂરી પરિવર્તન સાથે નવાં પગલાં અમલમાં મુકાયાં છે. પરીક્ષામાં કોઈ જ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે સીસીટીવી કેમેરા અને ટેબલેટ મુકવામાં આવ્યા. અમે ઈચ્છીએ છીએ કે, વિદ્યાર્થીઓ આખું

● અનુસંધાન પાન-૭ પર

મચ્છરજન્ય રોગચાળાને ડામવા આવાસોની છત પરથી જુના ટાયરો અને ભંગાર ચીજવસ્તુઓ દુર કરાઈ

ગાંધીનગર, તા. ૨૯

ચોમાસુ ઋતુ આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વરસાદ બાદ પાણી ભરાવવાના લીધે વ્યાપતા મચ્છરજન્ય રોગચાળાને અટકાવવા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ અન્વયે તા. ૨૭ અને ૨૮ મે ના રોજ મ્યુનિસિપલના આરોગ્ય વિભાગ અને મેલેરિયા વિભાગની સંયુક્ત ટીમ દ્વારા ચરેડી, મુક્તીધામ અને સેક્ટર-૨૮ તથા સેક્ટર-૧૩ સહિતના વિસ્તારોમાં આવેલ આવાસો, વસાહતોમાં તપાસ હાથ ધરાઈ હતી. જેમાં અંદાજીત ૧૨૦૦થી વધુ ઘરોની તપાસ અંતર્ગત છાપરા પર મુકાયેલા આશરે ૮૦૦ જેટલા જુના ટાયરો અને ભંગાર ચીજવસ્તુઓ દૂર કરાઈ હતી. આ સાથે સ્થાનિકોને રોગચાળાથી બચવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા પોરાનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ તથા મેલેરીયા વિભાગ દ્વારા વરસાદી ઋતુ દરમ્યાન ઉદ્‌ભવતા સંભવિત રોગચાળાને ડામવા હેતુ તા. ૨૭-૫-૧૫ અને તા. ૨૮-૫-૧૫ એમ બે દિવસની વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ હતી. જેમાં ચરેડી, ઘ-૭, જી.ઈ.બી., જી.ટી.યુ., સેક્ટર-૨૮, ૧૩ તથા મુક્તીધામ સહિતના વિસ્તારોમાં આવેલ આવાસોની તપાસ કરવામાં આવી હતી. આ કાર્યવાહી અંતર્ગત મુખ્યત્વે સ્લમ વિસ્તારોના આવાસોમાં તપાસ હાથ ધરાઈ હતી. વિભાગ દ્વારા મચ્છરોના સંભવિત ઉત્પતી સ્થળોને શોધી કામગીરી કરાઈ હતી. જેમાં છાપરા પર મુકાયેલા આશરે ૮૦૦ જેટલા જુના ટાયરો તેમજ ભંગાર ચીજવસ્તુઓ દૂર કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે ચોમાસુ ઋતુ

● અનુસંધાન પાન-૭ પર

આત્મહત્યા માટે દુષપ્રેરણ કરવાના કેસમા આરોપીને ૭ વર્ષની સખત કેદની સજા

આરોપી પ્રેમ લગ્નની જાળમાં ફસાવી તેણીને શારિરીક માનસિક ત્રાસ આપતો હતો

ગાંધીનગર તા ૨૮

પ્રેમ લગ્નની જાળમાં ફસાવીને શારિરિક માનસિક ત્રાસ ગુજારીને આત્મહત્યા માટે દુષપ્રેરણ કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૭ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગરમાં રહેતા નરસિંહભાઈ ની અમદાવાદ રાણીપમાં રહેતો આરોપી રાજેશ ઉર્ફે જીતેન્દ્ર રાધાકિશન વર્ષ ૨૦૧૧માં તેણીની મરજી વિરુધ્ધ ભગાડીને લઈ ગયો હતો. આરોપી તેણીની સાથે કોર્ટ મેરેજ કરી બે વર્ષ સુધી શારિરીક માનસિક ત્રાસ ગુજારતો હતો. જેના લીધે તેણીએ તા ૨૩ જુન વર્ષ ૨૦૧૩ના રોજ ૯.૩૦ કલાકે નર્મદા કેનાલમાં પડીને આત્મહત્યા કરી હતી. આ કેસ સંદર્ભે અડાલજ

● અનુસંધાન પાન-૭ પર

ચોથીએ ધોરણ-૧૦ પરીક્ષાનું પરિણામ

અમદાવાદ, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્ત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધોરણ-૧૦ની પરીક્ષાનું પરીણામ આગામી ચાર જુનને ગુરુવારના રોજ જાહેર કરવામાં આવશે પહેલા આ પરીક્ષાનું પરીણામ બીજી જુનના રોજ જાહેર કરવામાં આવનાર હતું જો કે ગુજરાતમાં આનંદીબેન સરકારની પ્રથમ વર્ષગાંઠની ઉજવણીનાં ભાગરૂપે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ પાછુ ઠેલવાની ફરજ પાડી હતી. જેનાં પગલે ધોરણ-૧૦નું પરીણામ જાહેર કરવાની તારીખ પણ બે દિવસ પાછી ઠેલવામાં આવી છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૫માં ધોરણ-૧૦ની પરીક્ષા લેવામાં આવી હતી રાજયનાં ૮૧૨ પરીક્ષા કેન્દ્રો ઉપરથી લેવામાં આવેલી આ પરીક્ષામાં ૧૦,૬૭,૫૩૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા આ પરીક્ષાનું પરીણામ ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ચાર જુનનાં રોજ જાહેર કરવાની જાહેરાત કરવામાં આવી છે ઉલ્લેખનીય છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૪ની પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરીણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. ત્યારે હવે ધોરણ-૧૦ અને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૨ની પરીક્ષાનું પરીણામ જાહેર કરવાનું બાકી રહે છે. જેપૈકી ધોરણ-૧૦ની પરીક્ષાનુંપરીણામ ૪મી જૂનના રોજ જાહેર કરાશે જ્યારે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહનાં સેમેસ્ટર-૪ની પરીક્ષાના પરીણામની તારીખ પાછળથી જાહેર કરવામાં આવશે.

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.
પ્લોટ નં.૩૯૧, ઘ-૪ાા, સેક્ટર-૧૬, ગાંધીનગર.
તારીખ : ૨૯-૫-૨૦૧૫
બેન્કના થાપણદારો અને સભાસદોને ટી.ડી.એસ. કપાતની જાણ સારુ
ઈન્કમટેક્ષ એક્ટ ૧૯૬૧ના સેક્શન ૧૯૨(એ) અનુસાર થાપણદારોને તારીખ ૧-૬-૨૦૧૫થી વ્યાજ ઉપર ટી.ડી.એસ. લાગુ પડશે તેની સૂચના નીચે મુજબ છે.
(૧) બેન્કના જે થાપણદારોએ અથવા સભાસદે પોતાની બાંધી મુદત થાપણ બેન્કમાં મુકેલ હશે તેને નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન રૂ. ૧૦,૦૦૦ અને તેથી વધુ વ્યાજની આવક થતી હશે તો તેની આકરણી કરીને નિયમ અનુસાર ટી.ડી.એસ. કપાત કરવામાં આવશે.
(૨) રિકરીંગ ડિપોઝીટ ઉપર પણ મળતું વ્યાજ રૂપિયા ૧૦,૦૦૦ કે ઉપર થતું હશે તો ટી.ડી.એસ. કપાત કરવામાં આવશે.
(૩) જે થાપણદારોને બેન્કની જુદી જુદી શાખાઓમાંથી મળવાપાત્ર વ્યાજ એકત્રીત થઈને જો રૂપિયા ૧૦,૦૦૦ અને તેથી વધુ થશે તો ટી.ડી.એસ. કપાતને પાત્ર રહેશે.
(૪) સભાસદ, થાપણદારોને તેમજ અન્ય થાપણદારોને ખાસ વિનંતી કે જો આપ 15 G/H ફોર્મ રજૂ કરાવાને પાત્રતા ધરાવતા હોય તો આ જાહેરાતના અનુસંધાનમાં સત્વરે આપના 15 G/H ફોર્મ જે તે શાખામાં રજૂ કરી દેવા વિનંતી. જેથી ટી.ડી.એસ. કપાતમાંથી મુક્તિ મેળવી શકાય.
(૫) ટી.ડી.એસ.ની રકમ બેન્કે ત્રિમાસિક ગાળાના ધોરણે એટલે કે ૩૦-૬/૩૦-૯/૩૧-૧૨/૩૧-૩ આખરે ઈન્કમટેક્ષ વિભાગમાંથી ટી.ડી.એસ. કપાત કરીને રકમ જમા કરાવવાની હોવાથી સત્વરે લાગુ પડતું ફોર્મ જમા કરાવવા વિનંતી.
વધુ માહિતી માટે શાખા મેનેજરશ્રીનો સંપર્ક કરવા વિનંતી.
બાય ઓર્ડર
મેનેજીંગ ડિરેક્ટર

લીકેજ-મુક્ત ઘરો માટે
ADITYA BIRLA GROUP
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

આવો, દુનિયાના પડકારોનો સામનો કરવા બાળકોને તૈયાર કરીએ
GANDHINAGAR International Public School Gandhinagar • Demai
Admission Open
ઉન્નત સર્જનાત્મક શિક્ષણ આપતી શાળા
નર્સરીથી ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ,
કોમર્સ પ્રવાહ (અંગ્રેજી/ગુજરાતી માધ્યમ)
કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે સંલગ્ન
હોસ્ટેલની ઉત્તમ સુવિધા - ગર્લ્સ/બોયસ
Affiliated to UNIVERSITY OF CAMBRIDGE
ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ
Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar - 382 620
Phone No : 079 23976821-22-23
Cell : +91 9925017160 | Web : www.gipschool.com
E-mail : gips.school@yahoo.com
Admission Open From Nursery to 12th Sci-Com Gujarati/English Medium

SANGHI CEMENT Kisan ashirvad C. PVC, UPVC BENELAVE BATH FITTINGS DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સુવિધાઓમાં એક કદમ આગળ...
એટીએમ કાર્ડ સેવાનો પ્રારંભ...
શુભારંભ ૩૧ મે ૨૦૧૫ રવિવાર
બનાસ બેંક આપણી બેંક બનાસ બેંક
• NEFT, RTGS અને SMS ALERT જેવી ઓનલાઇન સુવિધાઓ.
• આધુનિક બેંકીંગ સુવિધાઓ.
• સરકારશ્રીની સબસીડી માટે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફરની સુવિધાઓ.
• સુરક્ષિત લોકર્સ સુવિધા.
• પ્રધાનમંત્રી જનધન યોજના, વિમા યોજના હેઠળ બેંક દ્વારા તમામ ગ્રાહકોને સેવા પુરી પાડવામાં આવી રહી છે.
ઉદ્‌ઘાટકશ્રી માન. શ્રી હરીભાઇ પી. ચૌધરી
અધ્યક્ષશ્રી માન. શ્રી શંકરભાઇ ચૌધરી
અતિથિ વિશેષ માન. શ્રી આર. સુંદર
શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.
મુખ્ય કચેરી : "બનાસ ભવન" ડીસા હાઇવે, પાલનપુર
ફોન : ૦૨૭૪૨-૨૬૧૩૦૫, ૨૬૧૧૪૫
E: banasbank@yahoo.in • www.banasbank.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com